# NEET
# ગતિના નિયમો
# 3

**વિભાગ A**

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1.** $m$ દળના કણ પર $F_1$, $F_2$, $F_3$ ત્રણ બળો એવી રીતે લાગે છે. કે જેથી $F_2$ અને $F_3$ પરસ્પર લંબ હોય તથા કણ સ્થિર રહે. જો $F_1$ બળ દૂર કરવામાં આવે તો કણનો પ્રવેગ ........... થશે.

(A) $\frac{F_1}{m}$ (B) $\frac{F_2F_3}{mF_1}$ (C) $\frac{F_2 - F_3}{m}$ (D) $\frac{F_2}{m}$

**2.** એક કણ ઉપર ત્રણ બળો એવી રીતે લાગે છે કે જેથી તે સમતોલનમાં રહે છે. જેમાંના બે બળો $R_1$ અને $R_2$ પરસ્પર લંબ છે. હવે ત્રીજું બળ દૂર કરવામાં આવે તો કણનો પ્રવેગ .......... હોય.

(A) $\frac{R_3}{m}$ (B) $\frac{R_1 + R_2}{m}$ (C) $\frac{R_1 - R_2}{m}$ (D) $\frac{R_1}{m}$

**3.** સમક્ષિતિજ ઘર્ષણરહીત સપાટી પર રહેલ M દળના બ્લૉકને $m$ દળના દોરડાના એક છેડે P બળ આપી ખેંચવામાં આવે છે તો દોરડા વડે બ્લૉક ઉપર લાગતું અસરકારક બળ .......... હશે.

(A) $\frac{P}{M - m}$ (B) $\frac{P}{M(m + M)}$ (C) $\frac{PM}{(m + M)}$ (D) $\frac{PM}{(M - m)}$

**4.** એક માણસ મશીનગનમાંથી 40 $g$ દળની ગોળી 1200 m/s ના વેગથી છોડે છે. જો માણસ વધુમાં વધુ 144 N નું પ્રત્યાઘાતી બળ સહન કરી શકતો હોય તો તે દર સેકન્ડે વધુમાં વધુ કેટલી ગોળી છોડી શકે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

**5.** એક બ્લૉક સમક્ષિતિજ સાથે 30° નો ખૂણો રચતા ઢાળ ઉપર ગોઠવેલ છે. બ્લૉક અને ઢાળની સપાટી વચ્ચેનો સ્થિતિ ઘર્ષણાંક 0.8 છે. જો ઘર્ષણબળ 10 N હોય તો બ્લૉકનું દળ ......... હોય. ($g = 10\ m/s^2$)

(A) 2.0 kg (B) 4.0 kg (C) 1.6 kg (D) 2.5 kg

**6.** હલકી ઘર્ષણ રહીત પુલી પર રહેલ દોરીના બન્ને છેડે અનુક્રમે $m_1 = 5$ kg અને $m_2 = 4.8$ kg દળના પદાર્થો લટકાવેલ છે. જો બન્ને પદાર્થને મુક્ત ગતિ કરતાં છોડી દેવામાં આવે તો આ પદાર્થમાં ઉદ્ભવતો પ્રવેગ .......... $m/s^2$ હોય.

(A) 0.2 $m/s^2$ (B) 9.8 $m/s^2$ (C) 5 $m/s^2$ (D) 4.8 $m/s^2$

**7.** એક ખેલાડી 20 m/s ના વેગથી ગતિ કરતાં 150 $g$ દળના બોલને 0.1 $s$ માં ઝીલે છે તો બોલ વડે ખેલાડીના હાથ ઉપર લાગતું બળ .......... હોય.

(A) 0.3 N (B) 3 N (C) 30 N (D) 300 N

**8.** એક કારની છત પરથી દોરી વડે એક નાના ગોળાને લટકાવેલ છે. જો કાર અચળ પ્રવેગ $a$ થી આગળ ગતિ કરતી હોય તો ઉર્ધ્વદિશા સાથે દોરીએ રચેલ ખૂણો ......... હોય.

(A) $\tan^{-1}\left(\frac{a}{g}\right)$ ગતિની દિશા સાથે (B) $\tan^{-1}\left(\frac{a}{g}\right)$ ગતિની વિરુધ્ધ દિશા સાથે

(C) $\tan^{-1}\left(\frac{g}{a}\right)$ ગતિની દિશા સાથે (D) $\tan^{-1}\left(\frac{g}{a}\right)$ ગતિની વિરુધ્ધ દિશા સાથે

**9.** એક ગોળી 2.0 $m$ લંબાઈની બંદૂકની નળીમાંથી 80 m/s ના વેગથી બહાર આવે છે તો ગોળીનો સરેરાશ પ્રવેગ ........ હોય.

(A) 1.6 $m/s^2$ (B) 160 $m/s^2$ (C) 1600 $m/s^2$ (D) 16 $m/s^2$

**10.** ઘર્ષણ વગરની સમક્ષિતિજ સપાટી પર રહેલ એક વાહન પર 200 kg દળની મશીનગન ગોઠવેલ છે. જો મશીનગનમાંથી દર સેકન્ડે 10 $g$ દળની 10 ગોળીઓ 500 m/s ના વેગથી છોડવામાં આવે તો વાહનમાં ઉદ્ભવતો પ્રવેગ કેટલો હોય ?

(A) 25 $cm/s^2$ (B) 25 $m/s^2$ (C) 50 $cm/s^2$ (D) 50 $m/s^2$

**11.** આકૃતિમાં દર્શાવ્યા મુજબ ઘર્ષણરહિત સમક્ષિતિજ સપાટી પર $m_1$ અને $m_2$ દળના બે બ્લૉક સમાન પ્રવેગથી પ્રવેગિત

કરવામાં આવે તો તણાવબળનો ગુણોત્તર $\frac{T_1}{T_2}$ = .......... હોય.




(A) $\frac{m_1}{m_2}$ (B) $\frac{m_2}{m_1}$ (C) $\frac{m_1 + m_2}{m_2}$ (D) $\frac{m_1}{m_1 + m_2}$

**12.** **જમીન પર રહેલો એક ફૂવારો તેની આસપાસ ચારેય બાજુ પાણી છાંટે છે. ફૂવારામાંથી બહાર નીકળતા પાણીની ઝડપ $v$ હોય તો ફૂવારાની આજુબાજુના પાણીથી ભીના થતાં ભાગનું ક્ષેત્રફળ = ..........**

(A) $\frac{\pi v^2}{g^4}$ (B) $\frac{\pi v^4}{2g^2}$ (C) $\frac{\pi v^4}{g^2}$ (D) $\frac{\pi v^2}{g}$

**13.** **બે સદિશોનો સરવાળા સદિશ અને તેમની બાદબાકી સદિશો એકબીજાને લંબરૂપે હોય તો આ બંને સદિશો .......**

(A) વિશે કંઈ કહી શકાય નહિ. (B) સમાન હોય છે.

(C) ના મૂલ્યો સમાન હોય છે. (D) ના મૂલ્યો સમાન હોતાં નથી.

**14.** **એક કણ $\frac{20}{\pi}$m ત્રિજ્યાવાળા વર્તુળ માર્ગ પર અચળ સ્પર્શીય પ્રવેગથી ગતિ કરે છે. ગતિની શરૂઆત કર્યા પછી 2 પરિભ્રમણના અંતે કણનો વેગ 80 m/s હોય, તો સ્પર્શીય પ્રવેગ .........**

(A) $40\pi$ ms$^{-2}$ (B) 40 ms$^{-2}$ (C) $640\pi$ ms$^{-2}$ (D) $160\pi$ ms$^{-2}$

**15.** **જો $|\vec{A} \times \vec{B}| = \sqrt{3}(\vec{A} \cdot \vec{B})$ હોય, તો $|\vec{A} \times \vec{B}|$ = ......**

(A) $(A^2 + B^2 + \sqrt{3}AB)^{\frac{1}{2}}$ (B) $(A^2 + B^2 + AB)^{\frac{1}{2}}$ (C) $\left(A^2 + B^2 + \frac{AB}{\sqrt{3}}\right)^{\frac{1}{2}}$ (D) A + B

**16.** **એક $l$ લંબાઈના દોરીના એક છેડાને કેન્દ્ર તરીકે રાખી છેડા સાથે બાંધેલા પથ્થરને શિરોલંબ વર્તુળમાં ઘૂમાવવામાં આવે છે. જ્યારે આ પથ્થર તેના નિમ્નસ્થાને હોય ત્યારે તેની ઝડપ $u$ છે. જ્યારે દોરી સમક્ષિતિજ બને ત્યારે તેના વેગમાં ફેરફાર .......**
**($g$ એ ગુરુત્વાકર્ષણનો પ્રવેગ છે.)**

(A) $\sqrt{2gl}$ (B) $\sqrt{2(u^2 - gl)}$ (C) $\sqrt{u^2 - gl}$ (D) $u - \sqrt{u^2 - 2gl}$

**17.** **જો $2\hat{i} + 3\hat{j} + 8\hat{k}$ અને $4\hat{j} - 4\hat{i} + \alpha\hat{k}$ પરસ્પર લંબ હોય તો $\alpha$ = ........**

(A) $\frac{1}{2}$ (B) $-\frac{1}{2}$ (C) 1 (D) –1

**18.** **જો $\vec{A}$ અને $\vec{B}$ સદિશો વચ્ચેનો ખૂણો $\theta$ હોય તો $[\vec{B} \times \vec{A}) \cdot \vec{A}$ = .......**

(A) $BA^2\sin\theta$ (B) $BA^2\cos\theta$ (C) $BA^2\sin\theta\cos\theta$ (D) શૂન્ય

**19.** **મેદાન પર A અને B સ્થાન પર બે છોકરા ઊભા છે. AB = $a$ છે. B પર ઊભેલો છોકરો $\overline{AB}$ ને લંબ દિશામાં $v_1$ વેગથી ચાલે છે. A પર ઊભેલો છોકરો તે જ ક્ષણે $v$ વેગથી ગતિ કરીને બીજા છોકરા ને $t$ સમયમાં મળે છે, તો $t$ = .......**

(A) $\frac{a}{\sqrt{v^2 + v_1^2}}$ (B) $\frac{a}{v + v_1}$ (C) $\frac{a}{v - v_1}$ (D) $\sqrt{\frac{a^2}{v^2 - v_1^2}}$

**20.** **1 m લંબાઈની દોરીના એક છેડાને કેન્દ્ર તરીકે રાખી, બીજા છેડા સાથે પથ્થર બાંધીને સમક્ષિતિજ વર્તુળાકાર ઘૂમાવવામાં આવે છે. જો આ પથ્થર 44 સેકન્ડમાં 22 પરિભ્રમણ કરતો હોય તો પથ્થરના પ્રવેગનું મૂલ્ય અને દિશા.......**

(A) $\pi^2$ ms$^{-2}$ અને કેન્દ્રગામી દિશામાં (B) $\pi^2$ ms$^{-2}$ અને કેન્દ્રત્યાગી દિશામાં

(C) $\pi^2$ ms$^{-2}$ અને પરિઘના સ્પર્શકરૂપે (D) $\frac{\pi^2}{4}$ ms$^{-2}$ અને કેન્દ્રગામી દિશામાં

**21.** **અચળ ઝડપથી વર્તુળાકાર માર્ગ પર થતી કણની ઝડપ.......**

(A) આવર્ત પણ સરળ આવર્ત નહિ. (B) સરળ આવર્ત પણ આવર્ત નહિ.

(C) આવર્ત અને સરળ આવર્ત બંને (D) આવર્ત અને સરળ આવર્ત બંને નહિ.

22. એક મોટર **100m** ત્રિજ્યાના વર્તુળાકાર માર્ગ પર અચળ ઝડપથી ગતિ કરે છે અને **62.8** સેકન્ડમાં એક પરિભ્રમણ પૂરું કરે છે, તો સરેરાશ વેગ અને સરેરાશ ઝડપ અનુક્રમે........

(A) 0, $10\ ms^{-1}$ (B) $10\ ms^{-1}$, $10\ ms^{-1}$ (C) $10\ ms^{-1}$, 0 (D) 0, 0

23. $(45° - \theta)$ અને $(45° + \theta)$ ના પ્રક્ષિપ્તકોણે, પ્રક્ષિપ્ત કરેલા પદાર્થ માટે સમક્ષિતિજ અવધિનો ગુણોત્તર ........

(A) 1 : 3 (B) 1 : 2 (C) 2 : 1 (D) 1 : 1

24. $\vec{A}$ અને $\vec{B}$ સદિશો એવા છે કે જેથી $|\vec{A}+\vec{B}| = |\vec{A}-\vec{B}|$ છે, તો બંને સદિશો વચ્ચેનો ખૂણો........

(A) 60° (B) 75° (C) 45° (D) 90°

25. એક કણ ઉદ્‌ગમ(0, 0) થી સુરેખ માર્ગ પર $(x, y)$ સમતલમાં ગતિ કરે છે. તેનો $t$ સમયે યામ $(\sqrt{3}, 3)$ છે. કણના માર્ગે, X-અક્ષ સાથે આંતરેલો ખૂણો .......

(A) 45° (B) 60° (C) 0° (D) 30°

26. જો $|\vec{A}\times\vec{B}| = \sqrt{3}|\vec{A}\cdot\vec{B}|$ હોય તો $\vec{A}$ અને $\vec{B}$ વચ્ચેના ખૂણાનું મૂલ્ય ........

(A) 45° (B) 30° (C) 90° (D) 60°

27. આકૃતિમાં દર્શાવ્યા અનુસાર એક પદાર્થ પર ત્રણ બળો લાગે છે. જો પરિણામી બળ Y દિશામાં જોઈતું હોય તો જરૂરી વધારાનું લઘુત્તમ બળ ........




(A) 0.5 N (B) 1.5 N (C) $\frac{\sqrt{3}}{4}$N (D) $\sqrt{3}$N

GYAN GATHA
EDUCATION IS EMPOWERMENT

28. એક $m$ દળનાં પદાર્થને સમક્ષિતિજ સાથે 45° ના ખૂણે $v$ વેગથી પ્રક્ષિપ્ત કરવામાં આવે છે. જ્યારે આ પદાર્થ જમીન(સમક્ષિતિજ) પર પાછો આવે ત્યારે તેના વેગમાનનો ફેરફાર.......

(A) $2mv$ (B) $\frac{mv}{\sqrt{2}}$ (C) $mv\sqrt{2}$ (D) શૂન્ય

29. આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક ગાડી $c$ સાથે $m$ દળનો બ્લોક સંપર્કમાં છે. ગાડી અને બ્લૉક વચ્ચેનો સ્થિત ઘર્ષણાંક $\mu$ છે, જ્યારે ગાડીનો પ્રવેગ $\propto$ હોય ત્યારે બ્લૉક, ગાડી સાથે સંપર્કમાં રહે છે અને સંપર્ક ગુમાવતો નથી તો......




(A) $\propto > \frac{mg}{\mu}$ (B) $\propto > \frac{g}{\mu m}$ (C) $\propto \geq \frac{g}{\mu}$ (D) $\propto < \frac{g}{\mu}$

30. આકૃતિમાં બતાવ્યા પ્રમાણેના $\vec{a}$ થી $\vec{f}$ બળોના મૂલ્ય અને દિશા છે, તો નીચેનામાંથી કયું વાક્ય સાચું છે ?




(A) $\vec{b}+\vec{c}=\vec{f}$ (B) $\vec{d}+\vec{c}=\vec{f}$ (C) $\vec{d}+\vec{e}=\vec{f}$ (D) $\vec{b}+\vec{e}=\vec{f}$